### પ્રા. શિક્ષિકાના સરાહનીય પ્રયાસથી સ્પર્ધામાં ભાગ લીધો

# માલપુર તાલુકામાં પશુપાલન વ્યવસાય કરતી મહિલાઓએ ગરબા હરીફાઈમાં ઝંપલાવ્યું

**■ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન-અમદાવાદ દ્વારા પ્રથમવાર ગરબા હરીફાઈ ■**

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૭

નવરાત્રિ પર્વ પૂર્ણાહૂતિ તરફ જઈ રહ્યું છે. નવરાત્રિ સ્થળોએ યુવા ખેલૈયાઓ ટ્રેડીશનલ ડ્રેસમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે ત્યારે માલપુર તાલુકાના રાજય પારીતોષિક વિજેતા શિક્ષકના પ્રયાસથી માલપુર તાલુકામાં પશુપાલન વ્યવસાય કરતી મહિલાઓએ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન-અમદાવાદ દ્વારા પ્રથમવાર યોજાયેલ ગરબા હરિફાઈમાં આકર ક દેખાવ કરી ખાસ પાર્ટીસીપેટ સટી મેળવ્યું છે શિક્ષક કભી સાધારણ નહીં હોતા પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈ. માલપુર તાલુકાના ભૂતા ગામમાં બંજર વિસ્તાર માં સરકારી પ્રા.શાળાને નવું રૂપ આપી જિલ્લાની સર્વશ્રેષ્ઠ શાળાઓની હરોળમાં મૂકવ ની સાથે શિક્ષણની સાથે સામાજીક દાયીત્વ અને ઈનોવેટીવ પ્રવૃત્તિાથી રાજય કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવનાર મુખ્ય શિક્ષક લત્તાબેન વિઠ્ઠલભાઈ પટેલે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન-અમદાવાદ દ્વારા પ્રથમવાર ગરબા



હરિફાઈનું આયોજન કર્યું અને તેઓએ ગ્રામ્ય વિસ્તારની પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલી બહેનોને ગરબા હરિફાઈમાં ભા ગ લેવા માટે માર્ગદર્શન આપ્યું. ટ્રેડીશનલ ડ્રેસમાં પશુપાલક મહિલાઓ સજ્જ થઈ અને અમદાવાદમાં આયોજીત ગરબા સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી સૌના દિલ જીતી લીધા. એક શિક્ષક ધારે તો શું કરી શકે. તેનું આ એક ઉત્તમ ઉદાહરણ હતું. પશુપાલક મહિલ ઓએિ તો ગરબા સ્પર્ધા હરિફાઈમાં ભાગ લીધો પરંતુ તેમને પ્રોત્સાહીત કરવા માટે પ્રા શિક્ષિકાએ પોતે પણ ટ્રેડીશનલ ડ્રેસ સાથે તેમને સહયોગ આપ્યો હતો.

### દબાણકારી તંત્ર ઉપર ભારે..!!

# મેઘરજના નવા ગામમાં રસ્તા ઉપરનાં અડચણ રૂપ દબાણ દૂર થયા

**ગણતરીના દિવસોમાં ફરી દ બાણ તંત્ર જ ભ્રષ્ટ હોવાના લોક આક્ષેપમાં તથ્ય કેટલું..?**

મોડાસા, તા.૧૭

મેઘરજ તાલુકાના નવાગામ (ઈસરી)ની નીચલી ફળીમાં




આવતા રસ્તા ઉપરના દબાણો તંત્ર એ દૂર કર્યા પછી ગણતરીના દિવસોમાં ફરીથી દબાણ થઈ જતાં તંત્રની ધાક કેમ તળીયે પહોંચી છે.? તેવા સવાલ થવા લાગ્યા છે. તંત્ર જ ભ્રષ્ટ હોવાના લોક આક્ષેપમાં તથ્ય છે ખરું..?? તેની જિલ લા વિકાસ અધિકારીએ તપાસ કરાવવી જોઈએ.

પ્રાપ્ત જાણકારી અનુસાર તાલુકાના નવાગામ ઈસરીના રામાભાઈ ખાતુભાઈ પટેલ, ધર્માભાઈ ખાત ભાઈ પટેલ અને કનુભાઈ મોતીભાઈ પટેલ વગેરેએ તેમના ફળીયામાં આવતા રસ્તા ઉપરના દબા ણો દૂર કરવા માટે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયતમાં લેખિત ફરિયાદ પછી તંત્રને ફૂરસદ મળી એટ લે પોલીસ બંદોબસ્ત સાથે ગત તા. ૧૧ ડિસેમ્બર-૨૦૨૦ના રોજ જે.સી.બી.થી નડતરરુપ દબાણ દૂ રકરી રસ્તો સાફ કરાવી દીધો પરંતુ અરજદાર રામાભાઈ ખાતુભાઈ પટેલે જિલ્લા વિકાસ અધિકારીને કરેલી લેખિત ફરિયાદ મુજબ ખેમાભાઈ લાડણભાઈ પટેલ, રામાભાઈ આકાણભાઈ પટેલે ફરી થી તેમની બાજુ રસ્તા ઉપર દબાણ કર્યું છે અને રસ્તા વચ્ચે પાણીની પાઈપો ઉભી કરી છે. દબાણ દૂ રર્યા પછી ૮ ફૂટના રસ્તા ઉપર કોઈએ કોઈપણ પ્રકારનું કામ ન કરવા માટે નોટિસ આપી છે છતાં દબાણકારોએ પંચાયતની ઉપરવટ જઈને ફરીથી અગાઉ જેવી સ્થિતિ પેદા કરી છે. સરપંચને લેખિ ત રજૂઆત છતાં કોઈ કાર્યવાહી કરી નથી અને માત્ર એક જ જવાબ મળે છે બધું જ થઈ જશે. જેથી તાત્કાલિક રસ્તા ઉપરના દબાણો દુર કરવા જિલ્લા વિકાસ અધિકારીને લેખિત ફરિયાદ કરવામાં આવી છે.

**દબાણ દૂર કર્યા અને ફરીથી દબાણ - અરજદાર**

નવાગામના રામાભાઈ ખાતુભાઈ પટેલે જણાવ્યું કે અમારી રોડ ઉપરના દબાણ દૂર કરવાની અરજી સંદર્ભે પોલીસ બંદોબસ્ત સાથે ૧૦ મહિના પહેલાં દબાણ દૂર કરવામાં આવ્યું હતું પરંતુ દબ પણ દૂર કર્યાના એક મહિના પછી ફરીથી દબાણ કરવામાં આવ્યું અને તંત્રમાં વારંવારની લેખિત ફ રયાદ પછી પણ દબાણ દૂર થતા નથી.

## જન્મદિને વધામણી



ડો. સુભાષભાઈ પંડ્યા
અધિક્ષક, રેફરલ હોસ્પિટલ ધનસુરા
ધનસુરા



જીનલ ઉપાધ્યાય
બાયડ



રવિભાઈ પટેલ
આંબાગામ તા. બાયડ



**ડીસાના હિંગળાજ મંદિરે લોધા સમાજ દ્વારા શસ્ત્ર પૂજન**

ડીસા શહેરમા આવેલ અંબે માના મંદિરે લોધા સમાજ મિત્ર મંડળ દ્વારા ગરબાનુ સુંદર આયોજન કરવામા આવ્યું હતું.જ્યાં મોડી રાત સુધી ભાવિક ભાઈ બહેનો ગરબે ઘૂમી મા જગદંબાની આરાધના કરી હતી.ત્યાર બાદ દશેરાના પવિત્ર દિવસે હરિહર મહાદેવના મંદિર પાસે આવેલ હિંગળાજ માતાના મંદિરે શસ્ત્ર પૂજન સમાજ દ્વારા કરવામા આવ્યું હતું. જેમા સમાજના લોકો મોટી સંખ્યામા શસ્ત્ર પૂજનમાં જોડાયા હતા.

### આરોગ્યમંત્રી કુકરવાડા સામૂહિક આરોગ્ય કેન્દ્રની મુલાકાતે

# આરોગ્યની સેવાઓ છેવાડાના માનવી સુધી પહોંચી છે : આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ

મહેસાણ,તા. ૧૭

વિજાપુર તાલુકાના કુકરવાડા ખાતે ખાનગી હોસ્પિટલના ઉદ્ઘાટન અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર કુકરવાડાની મુલાકાત પ્રસંગે આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજયમાં પ્રતિવર્ષ ૫૬૦૦ ડોકટરો અને ૧૯૦૦ ખાસ ડોકટરોની મેડીકલ બેઠકો ઉપલ્બધ છે. તેમણે ઉમેર્યું હતું કે આગામી વર્ષમાં પાંચ નવી મેડીકલ કોલેજો શરૂ થનાર છે અને ત્રણ મેડીકલ કોલેજો મંજુરી અર્થે પ્રક્રિયામાં છે તેમ જણાવી ૬૪૦૦ બેઠકોની ઉપલબ્ધતાની સાથે શરીરના પ્રત્યેક અંગની સારવાર માટે નિષ્ણાતો રાજ્યમાં મળી રહેશે તેમ જણાવ્યું હતું. આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે ઉમેર્યું હતું કે આરોગ્યની સુખાકારી સેવાઓ છેવાડાના માનવીને મળી રહે તે માટે સરકારે પ્રતિબધ્ધતા વ્યક્ત કરી છે. તેમણે ઉમેર્યું હતું કે દેશના પ્રધાનમંત્રીશ્રીની દિર્ધદષ્ટીને પગલે આપણે કોરોના સંક્રમણ અટકાવી શકયા છીએ તેમ જણાવી નાગરિકોને સરકારની માર્ગદર્શિકાનું પાલન કરવા અનુંરોધ કર્યો હતો. આરોગ્ય મંત્રીએ ઋષિકેશભાઈ પટેલે ઉમેર્યું હતું કે આયુષ્યમાન ભારત કાર્ડ



યોજના વિશ્વની અનોખી યોજના છે. ગરીબ અને જરૂરીયાતમંદ દર્દીઓને રૂ ૦૫ લાખની મેડીકલ ઈમરજન્સી સેવાઓ માટે ઉપયોગી થાય છે. તેમણે ઉમેર્યું હતું કે આરોગ્યની સુખાકારી સેવાઓ મળી રહે તે માટે સરકારે રૂ ૭૫ કરોડના ખર્ચે સિવિલમાં અધતન કેન્સરની સારવાર માટેના સાધનો ઉપલબ્ધ કરાવ્યા છે.

આરોગ્ય મંત્રીશ્રીએ ઋષિકેશભાઈ પટેલે ઉમેર્યું હતું કે કોરાના સંક્રમણને ખાળવા માટે રસીકરણની તાતી જરૂરીયાત છે.ગુજરાત રાજ્ય રસીકરણની દિશામાં અગ્રેસર રાજ્ય બન્યુ છે.તેમણે ઉમેર્યું હતું કે આગામી સમયમાં ૦૨ થી ૧૮ વર્ષના બાળકો,કિશોરો માટે રસી ઉપલ્બધ થવાની છે.નાગરિકોએ રસીકરણ કરાવી કોરોનાથી સુરક્ષિત બને તેવી અપીલ કરી હતી

આરોગ્યમંત્રીશ્રીએ ઋષિકેશભાઈ પટેલે કુકરવાડા ખાતે ખાનગી હોસ્પિટલના લોકાર્પણ પ્રસંગે નાગરિકોને કીફાયતીદર, માનવી અભિગમ, સંવેદના સાથે પારિવારીક ભાવના સાથે દર્દીઓની સેવા થાય તેવો અનુંરોધ કર્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી રમણભાઈ પટલે,ઉમિયાધામ સોલાના ચેરમેન ડી.ડી.પટેલ, ગાંધીનગર જિલ્લા અગ્રણી અનિલ પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યા હતા.

કુકરવાડા સામુહિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત પ્રસંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો વિષ્ણું પટેલ, આરોગ્ય અધિકારીઓ, કુકરવાડા સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

**ટચુકડી જાહેર ખબર**

દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

### ૩ વર્ષમાં થયેલ ૧૫ વાહન ચોરીના ભેદ ખુલ્યા

# શામળાજી પોલીસે પુનમના મેળામાં વાહન ચોરતી ટોળકીના સાગરીતને દબોચ્યો

**યાત્રાધામમાં વાહન ચોરવામાં રાજસ્થાની ગેંગ સક્રીય**

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૭

અરવલ્લી જિલ્લામાં વાહન ચોરીના વધતા બનાવો વચ્ચે યાત્રાધામ શામળાજીમાં પુનમે વાહન ચોરતી ટોળકીના સાગરીતના પોલીસે ચોરાઉ બાઈક સાથે દબોચી લીધો છે. રાજસ્થાની વાહન ચોરે ૩ વર્ષમાં ૧૫ વાહન ચોરીના ગુના કબુલ્યા છે જેથી પોલીસ દ્વારા ૫,૦૦૦નો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો છે. વાહન ચોરીના અન્ય ભેદ ઉકેલવા માટે પોલીસે રા જસ્થાની ઈસમની આગવી ઢબે પૂછપરછ શરુ કરતાં અન્ય એક નામ ખૂલ્યું છે.





યાત્રાધામ શામળાજીમાં દર પુનમે અસંખ્ય શ્રદ્ધાળુઓ શામળાજી મંદિરમાં દર્શન માટે આવતા હોય છે. ભક્તોની ભીડ વચ્ચે ખિસ્સા કાતરુઓ તેમજ મહિલાના ગળામાંથી સોનાના દોરા ખેંચનાર ગેંગ સાથે વાહન ચોર પણ ચોરીના બનાવોને અંજામ આપી રહ્યા છે. પુનમે શામળા જીમાં વાહનો પાર્ક કરવાની પણ જગ્યા ન મળે તેવી સ્થિતિથી વાહન ચોર સક્રીય રહેતા હોય છે. વર્ષ-૨૦૧૮ થી ૨૧ દરમ્યાન વાહન ચોરીના અસંખ્ય બનાવ શામળાજી પોલીસ સ્ટેશનમાં નોંધાયા હતા જેથી પોલીસ પુનમે થતી વાહન ચોરીનો ભેદ ઉકેલવા માટે સક્રીય થઈ હતી દ રમ્યાન તાજેતરમાં પોલીસને બાતમી મળી હતી કે વાહન ચોરીનો આરોપી મોંઢે કાળ કપડું બાંધી રતનપુર તરફથી આવી રહ્યો છે જેથી પોલીસ દ્વારા વાહન ચોરને પકડવા માટે વૉચ ગોઠ વવામાં આવી હતી. ચોરાઉ બાઈક સાથે પોલીસે રાજસ્થાનના ગણપત રુપાઈ ડામોરને અટક વી આગવી ઢબે પૂછપરછ કરી હતી જેમાં બાઈકની માલિકી અંગે પોલીસને ગેરમાર્ગે દોરવા નો પ્રયાસ કર્યો હતો પરંતુ પોકેટકોપની મદદથી ચોરાયેલ બાઈકની માહિતી મળતાં આરોપીને સ્થળ ઉપર દબોચી લીધો હતો. પોલીસની પૂછપરછમાં પુનમે ચોરાયેલા ૧૫ વાહનોના ભે દ ખૂલ્યા છે. જેમાં રામા તેજા ડામોર (રહે.ભુવાલી, તા.વિંછીવાડા) પણ વાહન ચોરીમાં સંડો વાયો હોવાની વિગતો ખૂલતાં તેની અટકાયત કરવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. વા હન ચોરીના બનાવને અંજામ આપવા માટે યાત્રાધામમાં રાજસ્થાની ગેંગ સક્રીય થઈ છે જેમાં ગણપત રુપાજી ડામોર (રહે.ભુવાલી, તા.વિંછીવાડા, જિ.ડુંગરપુર)ની અટકાયત કરવામાં પોલીસને સફળતા મળતાં વાહન ચોરીના વધુ બનાવ ઉકેલવાની સંભાવના છે.

# માલપુર તાલુકાની દુધમંડળીઓની ઝોનલ મિટિંગ ચેરમેન શામળભાઈ અને ધારાસભ્ય જશુભાઈની ઉપસ્થિતમાં યોજાઈ

મોડાસા તા.૧૭

સાબરડેરીના એમપીઓ તેમ જ વેટનરી વિભાગ ના સયુંકત ઉપક્રમે માલપુર તાલુકા ના પૂર્વ વિભાગ ની દુધમંડળીઓ ના ચેરમેન ,સેક્રેટરી શ્રી ઓ તેમ જ મહિલા સભાસદોની જૉનલ મિટિંગ નું અરવલ્લીની ગિરિમાળાઓ માં આવેલ મીની પ્રવાસ ધામ કલેશ્વરી ખાતે આયોજન કરવામાં આવેલ જેમાં સાબરડેરી તેમજ ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશન ના ચેરમેન તેમજ રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ ના ડિરેકટર શ્રી માનનીય શામળભાઈ.બી.પટેલ સાહેબ તેમજ સાબરડેરી ના ડિરેકટર શ્રી



તથા બાયડ-માલપુર વિધાનસભા ના ધારાસભ્ય માનનીય શ્રી જશુ ભાઈ પટેલ સાહેબ હાજરી આપેલ છે.સાબરડેરી એમપીઓ વિભાગ ના વડા ડોકટર એમ.એન પટેલ સાહેબ તેમજ વેટનરી વિભાગ ના વડા ડોકટર કે.આર.પટેલ હાજર સભાસદોને પશુપાલન ના ધંધા વિશે તેમજ સ્વચ્છ અને ગુણવતા યુક્ત દૂધસમપાદન વિશે ખૂબ જ રસપ્રદ માહિતી આપેલ છે.માનનીય ચેરમેન સાહેબએ સભાસદો પશુપાલન ના ધંધા માં વધુમાં વધુ રસ લેતા થાય તેમજ વધુ પશુઓ રાખી એકમ દીઠ દૂધઉત્પાદન વધે તે માટે ડેરી તેમજ સરકારશ્રી દ્વારા અમલ કરવા માં આવેલ વિવિધ યોજનાઓ વિશે માહિતી આપેલ મિટિંગ ને સફળ બનાવવામાં ધનસુરા એમપીઓ સ્ટાફ તેમજ ઈન્ચાર્જ શ્રીઓ, સુપરવાઈઝર શ્રીઓ, માલપુર વેટનરી સ્ટાફ એ ભારે જહેમત ઉઠાવેલ છે.

# પાલનપુર ખાતે કોલ્ડ સ્ટોરેજ સિલ કરવા સામે કિસાન સંઘનો વિરોધ

**■ ખેડૂતોના માલનો નિકાલ ન થાય ત્યાં સુધી સિલ ન કરવા માંગ ■**

પાલનપુર તા. ૧૭

બનાસકાંઠા જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજના માલિકોએ લીધેલી લોન ભરપાઈ ન કરતા બેંકો દ્વારા કોલ્ડ સ્ટોરેજ સિલ કરવાની તજવીજ હાથ ધરાઈ છે. ત્યારે કોલ્ડ સ્ટોરેજને સિલ કરવા સામે વિરોધ દર્શાવતા કિસાન સંઘે કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. બનાસકાંઠા જિલ્લામાં મોંઘા ભાવના બિયારણો ખરીદી ખેડૂતોએ બટાકાનું વાવેતર કર્યું હતું. જોકે, બટાકાનું બમ્પર ઉત્પાદન થયું હતું. પરંતુ ભાવ ન મળતા ખેડૂતોએ પોતાના બટાકા કોલ્ડ સ્ટોરેજમાં મુક્યા છે. જોકે, લોન ભરપાઈ ન કરતા બેંકો દ્વારા કોલ્ડ સ્ટોરેજ સિલ મારવાની



તજવીજ હાથ ધરાઈ છે. ત્યારે ખેડૂતોના નામે કોલ્ડ સ્ટોરેજના માલિકોના વ્હારે આવતા કિસાન સંઘે આજે કલેકટરને આવેદનપત્ર સુપ્રત કર્યુ હતું. જેમાં એન.પી.એ. થયેલા ૨૫ જેટલા કોલ્ડ સ્ટોરેજોને સિલ નહિ મારવાની માંગણી કરાઈ હોવાનું ડીસા તાલુકા કિસાન સંઘ ના પ્રમુખ મોહનભાઈ સોલંકીએ જણાવ્યું હતું. ખેડૂતોનો બટાકાનો માલ કોલ્ડ સ્ટોરેજમાં પડ્યો છે. ત્યારે કોલ્ડ સ્ટોરેજો સિલ થાય તો ખેડૂતો બરબાદ થઈ જશે તેવી દહેશત વ્યક્ત કરતા ખેડુતો પણ કોલ્ડ સ્ટોરેજ સિલ નહિ મારવાની માંગણી કરી રહ્યા હોવાનું તળસાજી માળી નામના ખેડૂતે જણાવ્યું હતું. હાલમાં જિલ્લાના ખેડૂતોના બટાકાના ૧ કરોડ જેટલા કટ્ટઆ કોલ્ડ સ્ટોરેજમાં પડ્યા છે. ત્યારે ખેડૂતોના નામે કોલ્ડ સ્ટોરેજના માલિકોને બેંકની કાર્યવાહીમાંથી રાહત મળે તેવી માંગ ઉઠી છે?

# અતિ પ્રાચીન શ્રી નાગણેજી માતાના મંદિર વર્ષમાં માત્ર બે વાર જ ખુલે છે

**હવનાષ્ટમીએ મંદિર ખુલતા સવારથી જ ભક્તોનું ઘોડાપુર**

પાલનપુર તા. ૧૭

પાલનપુર શહેરના રાજગઢી વિસ્તાર માં શ્રી નાગણેજી માતાનું મંદિર આવેલું



છે. આ મંદિર વર્ષ માં ફક્ત બે વાર જ ખુલે છે એક શ્રાવણ વદ પાંચમ (નાગપંચમી)અને નવરાત્રીના આસો સુદ આઠમના દિવસે ખુલે છે. પાલનપુરના નવાબ સાહેબેને સપનામાં નાગણેશ્વરી માતા આવેલા અને નવાબ સાહેબે માતાજી પાસે પુત્ર પ્રાપ્તિનું વરદાન માંગેલું ત્યાર બાદ નવાબ સાહેબને ત્યાં પુત્રનો જન્મ થતા નવાબ સાહેબે ૧૬૨૮ની સાલમાં તેમના મહેલના રાણીવાસના એક ઓરડામાં નાગણેજી માતાની મૂર્તિની સ્થાપના કરેલ ત્યાર થી લઈને આજ દિન સુધી અહીં નાગપંચમના દિવસે હવન યજ્ઞ થાય છે. અને નવરાત્રી માં મહાપુજા થાય છે તેનો લાભ મોટા પ્રમાણ માં ભાવિ ભક્તો લે છે વર્ષ માં બે વાર આ મંદિર ખુલતું હોવાથી લોકો આતુર તાથી ઈન્તજાર કરે છે. લોકો નું કેહવું છે કે આ મંદિર ખુબજ ચમત્કારીક છે અને અહીં આવવાથી લોકોની મનોકામના પૂર્ણ થાય છે લોકો ની ભારે આસ્થા આ મંદિર સાથે જોડાયેલી છે

આ ચમત્કારી મંદિરમાં બિરાજેલા નાગણેજી માતા ઉપર લોકો ની ભારે શ્રદ્ધા છે અહીં માતાજી ના દર્શન કરવા માટે દૂર - દૂર થી ભક્તો આવે છે અને નાગણેજી માતાના દર્શન કરીને ધન્યતા અનુભવે છે .